# 4 હક અને નાગરિકતા

V4V3P7

આધુનિક સમયમાં લોકશાહી રાજ્યમાં રાજ્યના સભ્યને નાગરિક કહેવામાં આવે છે. રાજ્ય અને નાગરિકને અરસપરસ જોડતી જો કોઈ કડી હોય તો તે છે હકો અને ફરજો.

મનુષ્ય સંસ્કૃતિના લાંબા ઈતિહાસમાં માનવહકોનો સ્વીકાર એક વિરાટ કદમ છે. એક મનુષ્ય તરીકે પોતાનો સ્વીકાર થાય અને એક મનુષ્ય તરીકે ગૌરવપૂર્વક જીવન જીવી શકે, એ માટે માનવજાતે અનેક બલિદાનો આપ્યાં છે. સંયુક્ત રાષ્ટ્રોએ પણ માનવહકોની વૈશ્વિક ઉદ્‌ઘોષણા કરી છે.

**હકનો અર્થ અને ખ્યાલ :** જન્મતાની સાથે જ વ્યક્તિને કોઈ પણ જાતના ભેદભાવ વિના કેટલાક હકો પ્રાપ્ત થાય છે. તે હકોને માનવહકો તરીકે ઓળખવામાં આવે છે.

સારું જીવન જીવવા માટે જે સામાજિક-રાજકીય પરિસ્થિતિઓ જરૂરી છે તેમને સામાન્ય રીતે હકો તરીકે ઓળખવામાં આવે છે. બીજા શબ્દોમાં વ્યક્તિમાત્રને પોતાના વ્યક્તિત્વના વિકાસ અને તેની અભિવ્યક્તિ માટે જે જરૂરી સંજોગો અને પરિસ્થિતિઓ હોવી જોઈએ તેને આપણે હકો કહીએ છીએ. આમ, હકો વ્યક્તિના સર્વાંગી વિકાસ માટે જરૂરી છે. એટલું જ નહિ, વ્યક્તિઓના બનેલા સમાજના વિકાસ માટે પણ હકો જરૂરી છે.

પ્રોફેસર હેરોલ્ડ લાસ્કીના મત મુજબ, મનુષ્યમાં જે કાંઈ શ્રેષ્ઠ છે તેનો વિકાસ કરી શકે તેવી પરિસ્થિતિનું નિર્માણ એટલે હકો.

બધા સમાજોએ અને સભ્યતાઓએ વધતા-ઓછા પ્રમાણમાં આ હકોનો ખ્યાલ તેમજ તે માટેના સિદ્ધાંતો વિકસાવ્યા છે. પણ આમાંના કેટલાક હકો સાર્વત્રિક અને સર્વ સમાવેશી છે એ ખ્યાલ પણ માનવહકોના પાયામાં રહેલો છે.

સંયુક્ત રાષ્ટ્રોની મહાસભાએ 10 ડિસેમ્બર, 1948ના દિવસે માનવહકોની વૈશ્વિક ઘોષણાને સર્વાનુમતિથી બહાલી આપી. તેથી આ દિવસને દુનિયાભરમાં 'માનવહક દિન' તરીકે ઉજવવામાં આવે છે.

હકો એ એવી માંગણીઓ છે, જેને સમાજ અને રાજ્ય માન્ય રાખે છે તથા રાજ્ય તેનું રક્ષણ કરે છે. વ્યક્તિની કોઈ એવી માંગણી હોય જેનો સમાજ સ્વીકાર કરતો ન હોય અને રાજ્ય તેના રક્ષણની ખાતરી આપતું ન હોય તો તેને રાજ્યશાસ્ત્રની પરિભાષામાં હક કહી શકાય નહિ.

**હકોનું મહત્ત્વ :** સંયુક્ત રાષ્ટ્રોએ કરેલી માનવહકોની ઘોષણા વિશ્વના કરોડો લોકોને પોતાના હકો માટે પ્રેરણા આપે છે. જોકે આ વૈશ્વિક ઘોષણા કાનૂની રીતે બંધનકારી દસ્તાવેજ નથી. આ માનવહકોને કંઈક અંશે કાનૂની પીઠબળ પૂરું પાડવા માટે 16 ડિસેમ્બર, 1966ના રોજ સંયુક્ત રાષ્ટ્રોની મહાસભાએ આ હકોને આવરી લેતી બે આંતરરાષ્ટ્રીય સમજૂતીઓનો સ્વીકાર કર્યો, જે સભ્યરાષ્ટ્રોએ આ સમજૂતીઓ ઉપર સહી કરી તે સભ્યરાષ્ટ્રો માટે આ સમજૂતીઓ નૈતિક રીતે બંધનકારી બને છે. આ સમજૂતીઓમાં કેટલાક મુદ્દાઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો. જેવાં કે : વિસ્થાપિત લોકોના દરજ્જા વિશેનો, ગુલામીપ્રથા વિશેનો, સ્ત્રીઓ પ્રત્યે આચરવામાં આવતા વિવિધ ભેદભાવોની નાબૂદી વિશેનો તેમજ બાળકોના હકોના રક્ષણસંબંધી બાબતો વગેરે.

સંયુક્ત રાષ્ટ્રોના ખતપત્ર (ચાર્ટર) અને માનવહકોની વૈશ્વિક ઘોષણા પર ભારતે શરૂઆતથી જ હસ્તાક્ષર કર્યા છે. એટલું જ નહિ ભારતના બંધારણના ઘડવૈયાઓએ માનવહકોને મૂળભૂત હકો અને રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોમાં ગૌરવભર્યું સ્થાન આપ્યું છે. તેમજ મૂળભૂત હકોમાં સમાવિષ્ટ માનવહકોને અદાલત દ્વારા અમલમાં મૂકી શકાય એવા હકો જાહેર કર્યા છે. આપણે ત્યાં રાષ્ટ્રીયકક્ષાએ માનવહક પંચની સ્થાપના પણ કરવામાં આવી છે. કેટલાંક રાજ્યોમાં પણ રાજ્યકક્ષાના માનવહક પંચોની સ્થાપના કરવામાં આવી છે. ભારતમાં આ ક્ષેત્રે સ્વૈચ્છિક સંસ્થાઓ પણ કામ કરે છે.

### સામૂહિક હકો

સામાન્ય રીતે વ્યક્તિને હકો આપવામાં આવ્યા હોય છે. આ ઉપરાંત વ્યક્તિઓના કેટલાક સમૂહોને પણ હકો આપવામાં આવ્યા છે. સંયુક્ત રાષ્ટ્રો (યુ.એન.)એ ઠરાવ કરીને આવા હકો આપ્યા છે. ભારતમાં બંધારણ દ્વારા, કાયદા દ્વારા તથા અદાલતોએ આપેલા ચુકાદાઓ દ્વારા સ્ત્રીઓ, બાળકો, કેદીઓ અને શરણાર્થીઓ જેવા સમૂહોને હકો અપાયા છે, જેને સામૂહિક હકો કહેવાય છે. જે ટૂંકમાં નીચે પ્રમાણે છે :

- સગર્ભા સ્ત્રીને ફાંસીની સજા આપી શકાય નહિ, પરંતુ આ ફાંસીની સજાને આજીવન કેદમાં તબદીલ કરવામાં આવે છે.
- બાળકોને મજૂરીએ રાખી શકાય નહિ.
- છથી ચૌદ વર્ષ સુધીનાં બાળકોને મફત પ્રાથમિક શિક્ષણ મેળવવાનો હક છે.
- ધાર્મિક, ભાષાકીય કે જાતીય લઘુમતીઓને પોતાની રીતે પોતાનું સાંસ્કૃતિક જીવન જીવવાનો હક છે.
- આરોપી જે ભાષા જાણતો હોય તે ભાષામાં તેને તેની ધરપકડનાં કારણો જાણવાનો હક છે.
- કેદીઓને પોતાના સ્વજનોને મળવાનો, લેખનકાર્ય કરવાનો તથા છાપા વાંચવાનો હક છે.
- સંયુક્ત રાષ્ટ્રોએ શરણાર્થીઓના પુનઃસ્થાપન માટે તથા તેમના હકોની રક્ષા માટે 'યુનાઇટેડ નેશન્સ હાઈ કમિશનર ફૉર રેફ્યુજી' નામની સંસ્થા બનાવી છે.

**નાગરિકનો અર્થ અને ખ્યાલ :** આધુનિક સમયમાં નાગરિકના ખ્યાલ તથા તેની ભૂમિકામાં સારા પ્રમાણમાં પરિવર્તન આવ્યું છે. આજે લોકશાહી રાજ્યનો દરેક સભ્ય નાગરિક ગણાય છે. આ સાથે નાગરિકની બાબતમાં નીચે દર્શાવેલ સમજ ઊભી થઈ છે :

(1) નાગરિક રાજ્યના શાસનતંત્રમાં ભાગ લેતો હોય છે.

(2) તે રાજ્યના કાયદાઓનું પાલન કરતો હોય છે.

(3) તે રાજકીય આજ્ઞાધીનતા ધરાવતો હોય છે.

(4) તેને કેટલાક હકો હોય છે અને તે કેટલીક ફરજોનું પાલન કરતો હોય છે.

લોકશાહી રાજ્યની સફળતા તથા નિષ્ફળતાનો આધાર તેના નાગરિકો ઉપર જ રહેલો હોય છે.

**નાગરિકની વ્યાખ્યા :** નાગરિકો એ રાજકીય સમુદાયના સભ્યો હોય છે. તેઓ થકી રાજ્યની રચના થાય છે અને પોતાના વ્યક્તિગત અને સામૂહિક હકોના રક્ષણ માટે સરકાર પર આધાર રાખે છે તેમજ પોતાની ફરજ બજાવે છે.

આધુનિક સમયમાં સારો નાગરિક તેને ગણવામાં આવે છે, જે સ્વતંત્રતા ભોગવતો હોય અને પોતે અથવા તો પોતાના પ્રતિનિધિઓ દ્વારા કાયદાઓનું ઘડતર કરવામાં મદદરૂપ બનતો હોય તેમજ આ રીતે ઘડાયેલા કાયદાઓનું પાલન કરતો હોય. આજ્ઞાધીનતાને તે પોતાની ફરજ ગણતો હોવા છતાં પણ તે આજ્ઞાધીનતા સાથે સંકળાયેલાં ભયસ્થાનોને જાણતો હોવાથી ન પાળવા જેવી આજ્ઞાઓ સામે તે લોકશાહી ઢબે વિરોધ કરવાના પોતાના અધિકારનો ઉપયોગ પણ કરતો હોય.

**નાગરિકતા :** નાગરિકતાના સંબંધે કાયદાની દૃષ્ટિએ પણ વિચાર કરવો જરૂરી બને છે.

નાગરિકતા એ જે-તે દેશના બંધારણમાં ઉલ્લેખિત અથવા પરંપરાથી સ્વીકૃત અધિકારો અને ફરજો ધરાવતી વ્યક્તિને અપાતો કાયદાકીય દરજ્જો છે. સામાન્ય રીતે જે દેશમાં વ્યક્તિ જન્મે છે તે દેશનો આપોઆપ નાગરિક બને છે.

દરેક નાગરિક દેશને વફાદાર રહેવા અને તેના કાયદાઓનું પાલન કરવા બંધાયેલ હોય છે. તેની સામે રાજ્ય તેના રક્ષણ, સુખાકારી, પરદેશમાંનું તેનું હિત વગેરે જોવા બંધાયેલ છે. પોતાનો નાગરિક અન્ય દેશમાંથી પાછો ફરે ત્યારે તેને સ્વીકારવા દરેક રાજ્ય બંધાયેલું છે. સામાન્ય રીતે કોઈપણ વ્યક્તિ બે દેશનું નાગરિકત્વ ધરાવી શકે નહિ, પરંતુ અપવાદરૂપ

કિસ્સાઓમાં કેટલીક વિશિષ્ટ વ્યક્તિઓને અન્ય દેશનું માનાર્હ નાગરિકત્વ આપવામાં આવતું હોય છે. હકીકતમાં આ પ્રકારનું નાગરિકત્વ રાજકીય ઔપચારિકતા માટે જ હોય છે, જે બંને દેશોને સ્વીકાર્ય હોય છે. એથી ઊલટું, યુદ્ધ કે આંતરવિગ્રહમાં કેટલાક લોકો વિસ્થાપિત થઈને અન્ય દેશોમાં કે દુશ્મને કબજે કરેલા પ્રદેશમાં રહી જતાં હોય ત્યારે તે લોકો નાગરિકત્વ વગરના બની જાય છે.

ભારતીય બંધારણમાં ભારતીય નાગરિક કોને કહેવાય તેની જોગવાઈઓ છે.

**નાગરિકતા કેવી રીતે પ્રાપ્ત થાય ?**

નીચે દર્શાવ્યા પ્રમાણે વિવિધ રીતે નાગરિકતા પ્રાપ્ત કરી શકાય છે :

(1) આપણો જે દેશમાં જન્મ થાય, તે દેશના આપણે નાગરિક ગણાઈએ છીએ.

(2) અન્ય દેશની નાગરિકતા મેળવવાના હેતુથી તે દેશમાં કેટલોક સમય વસવાટ કર્યા પછી તે રાજ્યને અરજી કરવી પડે છે. જો રાજ્યને સંતોષ થાય તો રાજ્ય તે વ્યક્તિને દેશનો નાગરિક બનવાની મંજૂરી આપે છે.

(3) એક દેશનો નાગરિક બીજા દેશના નાગરિક સાથે લગ્ન કરે તો તે બીજા દેશનો નાગરિક બની શકે છે. કેટલાક દેશોમાં આવી જોગવાઈ હોય છે.

(4) અન્ય દેશની સરકારને નાગરિકતા માટે અરજી કરવામાં આવે અને જો તે મંજૂર કરવામાં આવે તો વ્યક્તિ તે દેશનો નાગરિક બને છે.

**નાગરિક નીચેનાં કારણોસર નાગરિકતા ગુમાવે છે** :

(1) દેશદ્રોહના ગુના માટે જો તેને સજા થાય તો તે નાગરિક તરીકેના હકો ગુમાવે છે.

(2) પોતાના દેશના નાગરિકત્વનો ત્યાગ કરીને અન્ય દેશનું નાગરિકત્વ સ્વીકારે તો તે નાગરિક પોતાના દેશનું નાગરિકત્વ ગુમાવે છે.

(3) અન્ય દેશની વ્યક્તિ સાથે લગ્નસંબંધથી જોડાય તોપણ પોતાના દેશનું નાગરિકત્વ તે વ્યક્તિ ગુમાવે છે.

આમ છતાં જુદા-જુદા દેશોમાં આ અંગેના કાયદા જુદા જુદા છે.

**બેવડી નાગરિકતા :** કેટલાક સમવાયતંત્રી દેશોના બંધારણમાં નાગરિકોને તેમનાં ઘટક રાજ્યોનું તેમજ સમવાયતંત્રનું નાગરિકત્વ આપવામાં આવે છે. આમ, બે કક્ષાએ નાગરિકત્વ આપવામાં આવતું હોવાથી તેને બેવડી નાગરિકતા કહે છે. જેમ કે અમેરિકા. અમેરિકાના નાગરિકને બેવડી નાગરિકતા મળે છે. ભારતમાં એક જ નાગરિકતાની જોગવાઈ છે. સિવાય કે જમ્મુ-કશ્મીર રાજ્ય. ભારત સરકારે ઑગસ્ટ, 2005માં નાગરિકતા ધારા 1955 માં સુધારો કરી 'ઓવરસિઝ સિટિઝનશિપ ઑફ ઇન્ડિયા' (OCI) નામનો કાયદો બનાવ્યો છે. જેનો અમલ 9 જાન્યુઆરી, 2006 થી થયો. 9 જાન્યુઆરીને પ્રવાસી ભારતીય દિવસ તરીકે ઉજવવામાં આવે છે.

આ કાયદા હેઠળ અન્ય દેશની નાગરિકતા ધરાવતો ભારતીય ભારતમાં પણ કેટલાક અધિકારો ભોગવી શકશે. આ કાયદા હેઠળ અન્ય દેશનું નાગરિકત્વ ધરાવતા ભારતીયો ભારતમાં ડૉક્ટર, ડેન્ટિસ્ટ, નર્સ, ફાર્માસિસ્ટ, વકીલ, આર્કિટેક્ટ જેવા વ્યવસાયો કરી શકશે.

આ કાયદા હેઠળ તેમને રાજકીય અધિકારો મળશે નહિ. એટલું જ નહિ, ભારતના બંધારણે કલમ-16માં આપેલો તકની સમાનતાનો અધિકાર પણ મળશે નહિ. તેઓ ભારતમાં ખેતીના હેતુથી જમીન ખરીદી શકશે નહિ.

આ કાયદો પાકિસ્તાન અને બાંગ્લાદેશ જેવા દેશોનું નાગરિકત્વ ધરાવતા લોકોને લાગુ પડશે નહિ.

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના સવિસ્તર જવાબ આપો :**

(1) હકનો અર્થ અને ખ્યાલ સમજાવો.

(2) હકનું મહત્ત્વ સમજાવો.

(3) નાગરિકની વ્યાખ્યા આપી, નાગરિકતા વિશે સમજાવો.

(4) નાગરિકતા કેવી રીતે પ્રાપ્ત થાય ?

**2. ટૂંક નોંધ લખો :**

(1) સામુહિક હકો (2) બેવડી નાગરિકતા

**3. નીચેના પ્રશ્નોના ટૂંકમાં (પાંચથી સાત વાક્યોમાં) જવાબ આપો :**

(1) હક એટલે શું ?

(2) નાગરિકનો અર્થ સમજાવો.

(3) નાગરિકતા એટલે શું ?

(4) નાગરિક કયાં કારણોસર નાગરિકતા ગુમાવે ?

(5) O.C.I. ('ઑવરસિઝ સિટિઝનશિપ ઑફ ઇન્ડિયા') શું છે ?

**4. નીચેના પ્રશ્નોનાં એક-બે વાક્યોમાં જવાબ આપો :**

(1) પ્રા. લાસ્કીએ આપેલી હકોની વ્યાખ્યા કઈ છે ?

(2) માનવહકોની વૈશ્વિક ઘોષણા કઈ સંસ્થાએ કરી હતી ?

(3) સંયુક્ત રાષ્ટ્રસંઘે માનવહકોની વૈશ્વિક ઘોષણા કયારે કરી હતી ?

(4) આપણા બંધારણના ઘડવૈયાઓએ માનવહકોને બંધારણમાં ક્યાં સ્થાન આપ્યું છે ?

(5) O.C.I. ('ઑવરસિઝ સિટિઝનશિપ ઑફ ઇન્ડિયા')નો કાયદો ક્યારે અમલી બન્યો ?

(6) O.C.I. નો લાભ મેળવનાર નાગરિક ભારતમાં કયા વ્યવસાયો કરી શકે ?

**5. સાચો વિકલ્પ પસંદ કરી બાજુના ખાનામાં દર્શાવો :**

(1) સંયુક્ત રાષ્ટ્રસંઘે કઈ તારીખે માનવહકોની ઘોષણા કરી હતી ? ☐

(અ) 10 ડિસેમ્બર, 1948 (બ) 10 ડિસેમ્બર, 1950
(ક) 10 ડિસેમ્બર, 1955 (ડ) 10 ડિસેમ્બર, 2015

(2) દુનિયામાં 'માનવહક દિન' ક્યારે ઉજવાય છે ? ☐

(અ) 14 ફેબ્રુઆરી (બ) 15 ઑગસ્ટ (ક) 10 ડિસેમ્બર (ડ) 26 જાન્યુઆરી

(3) નીચે પૈકી કઈ બાબત મૂળભૂત હકો અને રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો - એમ બંનેમાં સમાવિષ્ટ છે ? ☐

(અ) માનવહકો (બ) ટ્રાફિકના કાયદા
(ક) લગ્નવિષયક કાયદાઓ (ડ) કરવેરાના કાયદાઓ

(4) આપણે જે રાજ્યમાં જન્મ લઈએ તે રાજ્યના આપણે શું ગણાઈએ ? ☐

(અ) સરપંચ (બ) પ્રમુખ (ક) ધારાસભા (ડ) નાગરિક

**પ્રવૃત્તિ**

● વિદ્યાર્થીઓ માટે ધારાશાસ્ત્રીનું વ્યાખ્યાન રાખવું.

●